भा.कृ.अनु.प.-केन्द्रीय बागवानी परीक्षण केन्द्र,
गोधरा-बडौदा हाईवे, वेजलपुर (गोधरा)-389340 (गुजरात)
Phone: Head of Station-02676-234657, 234077 (O), Asstt. Adm. Officer-

## જાહેર નિવિદા નં.05/2026

### આમળા, કોઠા અને સિતાફળના પાકની હરાજી માટે સીલબંધ કવરમાં ભાવ/ઓફરનું આમંત્રણ

આથી નીચે સહી કરનાર દ્વારા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 ના બ્લોક નં.3 અને 4 માં આવેલા આમળા, કોઠા અને સિતાફળના પાકની હરાજી માટે તારીખ **09/10/2026** ને **શુક્રવારના** રોજ બપોરે **02.30** કલાક સુધીમાં સીલબંધ કવરમાં ભાવ આમંત્રીત કરવામાં આવે છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતી દરેક વ્યક્તિ/પાર્ટી વૈજ્ઞાનિક પ્રભારી, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340, તા: કાલોલ, જીલ્લો: પંચમહાલ ને સંબોધિત નીચે જણાવેલા પાકનો (પ્રત્યેક પાકના અલગ-અલગ સીલબંધ કવરમાં) ભાવ દર્શાવીને અનામતની રકમ પેટે પાકની સામે જણાવ્યા મુજબની અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ **"સી.એચ.ઈ.એસ., વેજલપુર" (C.H.E.S., Vejalpur)** ના નામનો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, વેજલપુર (કોડ નં.13025) સંલગ્ન કરવાનો રહેશે. સીલબંધ કવર બાગાયત કેન્દ્ર, વેજલપુરના કાર્યાલય પર મુકેલ ટેન્ડર બોક્ષમાં તારીખ **09.10.2026** ના રોજ **02.30** કલાક સુધીમાં પ્રસ્તુત કરવાના રહેશે. અનામત રકમનો ડી.ડી. પ્રસ્તુત નહી કરવાની સ્થિતિમાં સીલબંધ કવરનો ભાવ સ્વીકારવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ સીલબંધ કવર તે જ દિવસે **03.00** કલાકે હરાજીના સમયે ઉપસ્થિત વ્યક્તિઓ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ નીચે જણાવેલા પાકનું નિરીક્ષણ ઓફિસના કામકાજના દિવસો દરમ્યાન સવારના 10.00 થી સાંજના 04.00 કલાક સુધીમાં કરી શકશે. નીચે જણાવેલ પાક "જે છે તે આ જ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે.

| ક્ર.સં. | પાકનું નામ | ઝાડની સંખ્યા | અનામતની રકમ |
|---|---|---|---|
| 1. | આમળાનો પાક | 976 ઝાડ | 40,000/- |
| 2. | કોઠાનો પાક | 110 ઝાડ | 6,000/- |
| 3. | સિતાફળનો પાક | 800 ઝાડ | 7,000/- |

સીલબંધ કવરમાં જેની રકમ વધારે હશે, તે હરાજીમાં સફળ થશે તથા પાકની તમામ જવાબદારી સફળ થયેલ વ્યક્તિ/પાર્ટીની રહેશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતી વ્યક્તિ/પાર્ટી પાન નંબર ધરાવતી હોવી જોઈએ તથા તેની ઝેરોક્ષ કોપી સીલબંધ કવરમાં મૂકવાની રહેશે. પાન નંબર ન ધરાવતી વ્યક્તિ/પાર્ટી સીલબંધ કવર રજૂ કરી શકશે નહી. હરાજીમાં સફળ થયેલ વ્યક્તિએ/પાર્ટીએ હરાજીની કુલ રકમના 33 ટકા રકમ તે જ દિવસે રોકડમાં તરત જ ઓફિસમાં જમા કરાવવાની રહેશે. બાકીની રકમ રોકડ/ડીડી/ઓન-લાઈન બે દિવસમાં ઓફિસમાં જમા કરાવવાની રહેશે. પાકને ઝાડ પરથી ઉતારતી વખતે ઝાડ, ડાળીઓ તથા કેન્દ્રની સંપતિને નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. નુકશાન પહોચશે તો તેનું પણ વળતર લેવામાં આવશે. હરાજીમાં સફળ થયેલ વ્યક્તિ/પાર્ટીનો ડી.ડી. ઓફિસમાં જમા રહેશે તથા અસફળ થયેલ વ્યક્તિ/પાર્ટીને અનામતની રકમનો ડી.ડી. સાત દિવસ પછી પરત કરવામાં આવશે. અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામાં આવશે. કોઈપણ કારણસર સીલબંધ કવરના ભાવ સ્વીકારવા કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યક્તિઓ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

V.N. Apparao 1/1/9/26

વૈજ્ઞાનિક પ્રભારી
કે.બા.પ.કે., વેજલપુર